૮

ફા.ક્ર: અપગ/૧૧૨૦૨૦/૪૭૩૬૨/છ-૧(પાર્ટ-૪)
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ
બ્લોક નં ૫, ૯ મો માળ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ: 03/0૧/૨૦૨૨

પ્રતિ,
(૧) નાયબ સચિવશ્રી,
સામાન્ય વહીવટ વિભાગ (ખ.૧ -શાખા),
સચિવાલય, ગાંધીનગર.
(૨) નાયબ સચિવશ્રી,
મહિલા અને બાળ વિકાસ વિભાગ (અ-શાખા),
સચિવાલય, ગાંધીનગર.
(૩) નાયબ સચિવશ્રી,
માર્ગ અને મકાન વિભાગ (ગ -શાખા),
સચિવાલય, ગાંધીનગર.
(૪) નાયબ સચિવશ્રી,
નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ (ઇ -શાખા),
સચિવાલય, ગાંધીનગર.
(૫) નાયબ સચિવશ્રી,
શિક્ષણ વિભાગ (પ્રાથમિક) (ક -શાખા),
સચિવાલય, ગાંધીનગર.

વિષય :- RPwD Act 2016ની કલમ ૩૪ અન્વયે દિવ્યાંગ વ્યક્તિઓ માટે જગ્યાઓ સુનિશ્ચિત (identify) કરવા તજજ્ઞ સમિતિની તા.૨૩/૧૨/૨૦૨૧ના રોજ મળેલ બેઠકની કાર્યવાહી નોંધ.

શ્રીમાન,

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, RPwD Act 2016ની કલમ ૩૪ અન્વયે દિવ્યાંગ વ્યક્તિઓ માટે જગ્યાઓ સુનિશ્ચિત (identify) કરવા અધિક મુખ્ય સચિવશ્રી (સા.ન્યા.)ના અધ્યક્ષસ્થાને તા.૨૩/૧૨/૨૦૨૧ના રોજ ૧૨:00 કલાકે મળેલ તજજ્ઞ સમિતિની બેઠકમાં થયેલ ચર્ચા અનુસાર આપના વિભાગની સંબંધિત શાખાની દરખાસ્તો અન્વયે સમિતિ દ્વારા દરખાસ્ત હેઠળના સંવર્ગો માટે દિવ્યાંગતા સુનિશ્ચિત કરેલ છે. ઉકત બેઠકની કાર્યવાહી નોંધ આ સાથે આપને યોગ્ય કાર્યવાહી અર્થે મોકલી આપવામાં આવે છે.

આપનો વિશ્વાસુ,

બિડાણ : ઉપર મુજબ

(પ્રમેશ ગામેતી)
સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

(P.T.O.)

<u>નકલ રવાના</u>:- (કાર્યવાહી નોંધની નકલ સાથે)

(૧) કમિશનરશ્રી, દિવ્યાંગ વ્યક્તિઓ માટેના કમિશનરશ્રીની કચેરી,
બ્લોક નં. ૨, કર્મયોગી ભવન, સેક્ટર-૧૦, ગાંધીનગર.

(૨) સંયુક્ત સચિવશ્રી (રોસ્ટર), સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.

(૩) નાયબ સચિવશ્રી (કર્મચારી ગણ), સામાન્ય વહીવટ વિભાગ,
બ્લોક નં. ૭, સચિવાલય, ગાંધીનગર.

(૪) નાયબ સચિવશ્રી (સમાજ સુરક્ષા), સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.

(૫) કમિશનરશ્રી, આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ,
બ્લોક નં.૫, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

(૬) નિયામકશ્રી, સમાજ સુરક્ષા, બ્લોક નં.૧૬,
ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

(૭) સેકશન અધિકારીશ્રી, કો-સેલ, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય,
ગાંધીનગર તરફ.. કાર્યવાહી નોંધને વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતી સહ.

દિવ્યાંગ વ્યક્તિઓ માટે સરકારી સેવાઓમાં અનામત રાખેલ જગ્યાઓ પર કેવા પ્રકારની દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારોની નિમણૂંક થઇ શકે તે અંગે વિચારણા કરવા મળેલ પેટા તજજ્ઞ સમિતિની તા.૨૩/૧૨/૨૦૨૧ના રોજ ૧૨:૦૦ કલાકે મળેલ બેઠકની કાર્યવાહી નોંધ.

---

૧. ધ રાઇટ્સ ઓફ પર્સન્સ વીથ ડિસેબિલિટીઝ એક્ટ-૨૦૧૬ની કલમ-૩૪માં થયેલ જોગવાઇ અનુસાર સરકારી સેવાઓમાં દિવ્યાંગ વ્યક્તિઓ માટે અનામત રાખેલ જગ્યાઓ પર, નિમણૂંક માટે કેવા પ્રકારની દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારો ઉમેદવારી કરી શકે તે નક્કી કરવા માટે સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના અધિક મુખ્ય સચિવશ્રીના અધ્યક્ષપદે તા.૨૩/૧૨/૨૦૨૧ના રોજ ૧૨:૦૦ કલાકે બેઠક મળેલ. જેમાં નીચે મુજબના એજન્ડા મુજબ ચર્ચા-વિચારણા કરવામાં આવેલ. આ બેઠકમાં હાજર રહેલ સભ્યશ્રીઓની યાદી એનેક્ષચર-૧ મુજબ છે. નાયબ સચિવશ્રી (સ.સુ.)એ સૌને આવકારી બેઠકની શરૂઆત કરી ત્યારબાદ બેઠકના એજન્ડા મુજબ, નીચે મુજબની કાર્યવાહી કરવામાં આવી.

૨. <u>એજન્ડા નં. ૧</u> :- <u>સામાન્ય વહીવટ વિભાગ</u> હસ્તકના સેકશન અધિકારી (વર્ગ-૨), નાયબ સેકશન અધિકારી (વર્ગ-૩) અને ઓફિસ આસિસ્ટન્ટ (વર્ગ-૩) સંવર્ગો માટે Deaf અને Both Arm ની દિવ્યાંગતાનો સમાવેશ કરવામાંથી મુક્તિ આપવા બાબતે તજજ્ઞ સમિતિની મંજૂરી મેળવવી.

<u>કાર્યવાહી</u>: સામાન્ય વહીવટ વિભાગ દ્વારા સેકશન અધિકારી (વર્ગ-૨), નાયબ સેકશન અધિકારી (વર્ગ-૩) અને ઓફીસ આસિસ્ટન્ટ (વર્ગ-૩) સંવર્ગ માટે ભારત સરકારના તા.૦૪/૦૧/૨૦૨૧ના નોટિફિકેશનથી માન્ય રાખેલ દિવ્યાંગતાના પ્રકાર પૈકી Blind(B), Deaf(D) અને Both Arm(BA) પ્રકારના દિવ્યાંગતા માટે ઉક્ત ત્રણે સંવર્ગોને મુક્તિ આપવા તજજ્ઞ સમિતિ સમક્ષ રજૂઆત કરવામાં આવેલ. ઉક્ત ત્રણે સંવર્ગો દ્વારા કરવાની થતી કામગીરીને ધ્યાને લઇ તજજ્ઞ સમિતિ દ્વારા સદર સંવર્ગોમાં Blind(B), Deaf(D) અને Both Arm(BA) દિવ્યાંગતાના પ્રકારનો સમાવેશ કરવામાંથી મુક્તિ આપવાની દરખાસ્તને માન્ય રાખવામાં આવી.

સામાન્ય વહીવટ વિભાગ હસ્તકના નીચે મુજબના સંવર્ગો માટે તજજ્ઞ સમિતિ દ્વારા નક્કી કરવામાં આવેલ દિવ્યાંગતા

| ક્રમ | પોસ્ટનું નામ | વર્ગ | મંજૂર થયેલ જગ્યાઓ | વિભાગની દરખાસ્ત | | | | તજજ્ઞ સમિતિએ મંજૂર કરેલ વિકલાંગતા | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | A | B | C | D &E | A | B | C | D &E |
| ૧ | સેકશન અધિકારી | ૨ | ૫૪૬ | B, LV (40 - 70) % | HH (40 - 70 %) | OA, OL, BL, OAL,CP, LC, Dw,AAV | SLD, MI MD involving (a) to (d) above | LV (40 70)% | HH (40-70)% | OA, OL, BL, OAL, CP, LC, Dw, AAV | SLD, MI(40-70)%, MD(40-70)% |
| ૨ | નાયબ સેકશન અધિકારી | 3 | ૧૬૦૯ | B, LV (40 - 70) % | HH (40 - 70) % | OA, OL, BL, OAL,CP, LC, Dw, AAV | SLD, MI MD involving (a) to (d) above | LV (40 70)% | HH (40 70)% | OA, OL, BL, OAL, CP, LC, Dw, AAV | SLD, MI(40-70)%, MD(40-70)% |

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 3 | ઓફીસ આસિસ્ટન્ટ | 3 | ૬૩૬ | B, LV (40-70)% | HH (40-70)% | OA, OL, BL, OAL,CP, LC, Dw, AAV | SLD, MI MD involving (a) to (d) above | LV (40-70)% | HH (40-70)% | **OA, OL, BL, OAL, CP, LC, Dw, AAV** | **SLD, MI(40-70)%, MD(40-70)%** |

3. ઍજન્ડા નં. ૨ :- નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગના સંવર્ગો માટે તા.૨૯/૦૧/૨૦૨૧ના રોજ યોજાયેલ બેઠકમાં તજજ્ઞ સમિતિ દ્વારા માન્ય રાખેલ દિવ્યાંગતા પ્રકાર અને તેની ફીડર કેડરમાં સૂચવાયેલ દિવ્યાંગતા અલગ પડતી હોઇ, આ સંવર્ગોમાં એક સમાન દિવ્યાંગતા સુનિશ્ચિત કરવી તથા બે સંવર્ગો માટે દિવ્યાંગતાના પ્રકાર નક્કી કરવા.

કાર્યવાહી:- નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ દ્વારા તજજ્ઞ સમિતિની તા.૨૯/૦૧/૨૦૨૧ના રોજ યોજાયેલ બેઠકમાં સંશોધન અધિકારી (વર્ગ-૧) અને મદદનીશ સંશોધન અધિકારી (વર્ગ-૨) સંવર્ગ માટે માન્ય રાખેલ દિવ્યાંગતાના પ્રકાર તેની ફીડર કેડરો સીનીયર સાયન્ટીફીક આસીસ્ટંટ (વર્ગ-૩), જુનીયર સાયન્ટીફીક આસીસ્ટંટ (વર્ગ-૩) તથા પ્રયોગશાળા મદદનીશ (વર્ગ-૩) માટે માન્ય રાખેલ દિવ્યાંગતાના પ્રકારોથી અલગ હોઇ, આ તમામ સંવર્ગો માટે એકસમાન દિવ્યાંગતાના પ્રકારો નક્કી કરવા અંગે પુનઃવિચારણા કરવા તજજ્ઞ સમિતિ સમક્ષ દરખાસ્ત કરવામા આવેલ.

- તજજ્ઞ સમિતિની તા.૨૯/૦૧/૨૦૨૧ની બેઠકમાં નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ દ્વારા શરતચૂકથી ભૂમિ મોજણી અધિકારી (વર્ગ-૧) તથા નાયબ ભૂમિ મોજણી અધિકારી (વર્ગ-૨) સંવર્ગ માટે સીધી ભરતી કરવામાં આવતી ન હોવાનું જણાવતા તજજ્ઞ સમિતિ દ્વારા ઉક્ત બંન્ને સંવર્ગો માટે દિવ્યાંગતાના પ્રકાર નક્કી કરેલ ન હતા. વિભાગ દ્વારા ઉક્ત બંન્ને સંવર્ગો પર સીધી ભરતી પ્રક્રિયા કરવામાં આવતી હોવાનું જણાવી બંન્ને સંવર્ગો માટે દિવ્યાંગતાના પ્રકાર નક્કી કરવા તજજ્ઞ સમિતિ સમક્ષ દરખાસ્ત કરેલ.
- નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગની દરખાસ્તના સંવર્ગોની કામગીરી તથા સંવર્ગોની ફીડર કેડર ધ્યાને લઇ તજજ્ઞ સમિતિ દ્વારા તા.૨૯/૦૧/૨૦૨૧ની કાર્યવાહી નોંધમાં માન્ય રાખેલ દિવ્યાંગતાના પ્રકારને સ્થાને નીચે દર્શાવ્યા મુજબનો સુધારો કરવા મંજૂરી આપી.

નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ હસ્તકના નીચે મુજબના સંવર્ગો માટે તજજ્ઞ સમિતિ દ્વારા નક્કી કરવામાં આવેલ દિવ્યાંગતા

| ક્રમ | પોસ્ટનું નામ | વર્ગ | મંજૂર થયેલ જગ્યાઓ | તજજ્ઞ સમિતિની તા.૨૯/૦૧/૨૦૨૧ની બેઠકમાં નક્કી થયેલ દિવ્યાંગતા | | | | તજજ્ઞ સમિતિએ મંજૂર કરેલ સુધારેલ દિવ્યાંગતા | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | A | B | C | D & E | A | B | C | D & E |
| ૧ | સીનીયર સાયન્ટીફીક આસીસ્ટન્ટ | 3 | - | - | FD, HH (40-70)% | OA, OL, BL, D, AAV | ASD(M, MoD), SLD, MD(40-70)% | LV (40-70) % | D, HH | **OA, OL, BL, CP, LC, Dw, AAV** | **ASD(M, MoD), SLD, MI (40-70)%, MD (40-70)%** |
| ૨ | જુનીયર સાયન્ટીફીક આસીસ્ટન્ટ | 3 | - | - | FD, HH (40-70)% | OA, OL, BL, D, AAV | ASD(M, MoD), SLD, MD(40-70)% | LV (40-70) % | D, HH | **OA, OL, BL, CP, LC, Dw, AAV** | **ASD(M, MoD), SLD, MI (40-70)%, MD (40-70)%** |

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | પ્રયોગશાળા મદદનીશ | ૩ | - | - | FD, HH (40-70)% | OA, OL, BL, D, AAV | ASD(M, MoD) SLD, MD(40-70)% | LV (40-70) % | D, HH | OA, OL, BL, CP, LC, Dw, AAV | ASD(M, MoD), SLD, MI (40-70)%, MD (40-70)% |
| ૪ | મદદનીશ સંશોધન અધિકારી | ૨ | ૧૯ | B, LV (40-70)% | FD, HH (40-70)% | OA, BA,OL, CP, LC, D,AAV | ASD(M), SLD, M(40-70)% MD(40-70)% | LV (40-70)% | D, HH | OA, OL, BL, CP, LC, Dw, AAV | ASD(M, MoD), SLD, MI (40-70)%, MD (40-70)% |
| ૫ | સંશોધન અધિકારી | ૧ | ૦૮ | B, LV (40-70)% | FD, HH (40-70)% | OA, BA,OL, CP, LC, D,AAV | ASD(M), SLD, M (40-70)% MD(40-70)% | LV (40-70) % | D, HH | OA, OL, BL, CP, LC, Dw, AAV | ASD(M, MoD), SLD, MI (40-70)%, MD (40-70)% |
| ૬ | નાયબ ભૂમિ મોજણી અધિકારી | ૨ | ૧૦ | તજજ્ઞ સમિતિ દ્વારા દિવ્યાંગતાના પ્રકાર નક્કી કરેલ નથી | | | | LV (40-70) % | D, HH | OA, OL, BL, CP, LC, Dw, AAV | ASD(M, MoD), SLD, MI (40-70)%, MD (40-70)% |
| ૭ | ભૂમિ મોજણી અધિકારી | ૧ | ૬ | તજજ્ઞ સમિતિ દ્વારા દિવ્યાંગતાના પ્રકાર નક્કી કરેલ નથી | | | | LV (40-70) % | D, HH | OA, OL, BL, CP, LC, Dw, AAV | ASD(M, MoD), SLD, MI (40-70)%, MD (40-70)% |

૪. એજન્ડા નં. ૩ :- માર્ગ અને મકાન વિભાગ હસ્તકના ૭(સાત) સંવર્ગોની કામગીરી તાંત્રિક પ્રકારની હોવાથી, ભારત સરકારના તા.૦૪/૦૧/૨૦૨૧ના જાહેરનામાથી નિયત થયેલ દિવ્યાંગતાના પ્રકાર સંપૂર્ણપણે લાગુ પાડી શકાય તેમ ન હોઇ, આ સંવર્ગોમાં દિવ્યાંગતા પ્રકાર નક્કી કરવા બાબતે તજજ્ઞ સમિતિની મંજૂરી મેળવવી.

કાર્યવાહી: માર્ગ અને મકાન વિભાગ દ્વારા મેનેજર ગ્રેડ-૧ (વર્ગ-૨) તથા મેનેજર ગ્રેડ-૨(વર્ગ-૩) સંવર્ગની કામગીરીને અનુરૂપ સમાન પ્રકારના સંવર્ગ ભારત સરકારના તા.૦૪/૦૧/૨૦૨૧ના નોટિફિકેશનમાં ન હોવાનું તજજ્ઞ સમિતિને જણાવી ઉક્ત બંન્ને સંવર્ગોની કામગીરી તજજ્ઞ સમિતિ સમક્ષ રજૂ કરેલ. જે ધ્યાને લઇ તજજ્ઞ સમિતિ દ્વારા ઉક્ત બંન્ને સંવર્ગો પર કયા પ્રકારની દિવ્યાંગા ધરાવતા વ્યક્તિઓ ફરજ બજાવી શકે તેની વિચારણા કરી દિવ્યાંગતાના પ્રકાર નક્કી કરવામાં આવ્યા.

- માર્ગ અને મકાન વિભાગ હસ્તકના નીચે દર્શાવેલ કોષ્ટકના ક્રમ (૩) થી (૭)ના સંવર્ગોની કામગીરી તાંત્રિક પ્રકારની હોવાથી તેમજ તેમને ફિલ્ડમાં કામગીરી કરવાની રહેતી હોઇ ભારત સરકારના જાહેરનામાંથી નિયત થયેલ દિવ્યાંગતા સંપૂર્ણપણે લાગુ પાડી શકાય તેમ ન હોવાનું જણાવ્યુ તથા આ સવર્ગોમાં છૂટછાટ આપવા તજજ્ઞ સમિતિ સમક્ષ રજૂઆત કરેલ. તજજ્ઞ સમિતિ દ્વારા દરેક સંવર્ગોની કામગીરીની વિગતવાર ચર્ચા કરી નીચે મુજબની દિવ્યાંગતા પ્રકારને માન્ય રાખેલ છે.

માર્ગ અને મકાન વિભાગ હસ્તકના નીચે મુજબના સંવર્ગો માટે તજ્જ્ઞ સમિતિ દ્વારા નક્કી કરવામાં આવેલ દિવ્યાંગતા

| ક્રમ | પોસ્ટનું નામ | વર્ગ | મંજૂર થયેલ જગ્યાઓ | વિભાગની દરખાસ્ત | | | | તજ્જ્ઞ સમિતિએ મંજૂર કરેલ દિવ્યાંગતા | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | A | B | C | D &E | A | B | C | D &E |
| ૧ | મેનેજર ગ્રેડ-૧ | ૨ | - | LV | - | OA | - | LV (40-70)% | HH (40-70)% | OA, OL, LC, Dw, AAV | SLD, MI(40-70)%, MD(40-70)% |
| ૨ | મેનેજર ગ્રેડ-૨ | ૩ | - | LV | - | OA | - | LV (40-70)% | HH (40-70)% | OA, OL, LC, Dw, AAV | SLD, MI(40-70)%, MD(40-70)% |
| ૩ | વર્ક આસિસ્ટન્ટ | ૩ | - | - | HH | OL | - | LV (40-70)% | D, HH | OL, CP, LC, Dw, AAV | ASD(M, MoD), ID, SLD, MI (40-70)%, MD (40-70)% |
| ૪ | વાયરમેન | ૩ | - | - | HH | OL | - | - | D, HH | AAV | SLD, MI(40-70)%, MD(40-70)% |
| ૫ | રેખનકાર | ૩ | - | - | - | OL,BL, AAV | - | LV (40-70)% | D, HH | OL, BL, LC, Dw, AAV | ASD(M), ID, SLD, MI (40-70)%, MD (40-70)% |
| ૬ | નકશાગાર | ૩ | - | - | - | OL,BL, AAV | - | LV (40-70)% | D, HH | OL, BL, LC, Dw, AAV | ASD(M), ID, SLD, MI (40-70)%, MD (40-70)% |
| ૭ | એગ્રી ઓવરશીયર | ૩ | - | LV | HH | LC, AAV | - | LV (40-70)% | HH (40-70)% | LC, CP, Dw, AAV | ASD(M, MoD), ID, SLD, MI (40-70)%, |

૫. એજન્ડા નં. ૪ :- મહિલા અને બાળ વિકાસ વિભાગ હસ્તકના ચાર સંવર્ગોને અનુરૂપ સંવર્ગો, ભારત સરકારના તા.૦૪/૦૧/૨૦૨૧ના નોટિફિકેશનમાં ન હોઇ, ચાર સંવર્ગોમાં દિવ્યાંગતાના પ્રકાર નક્કી કરવાની દરખાસ્ત તજ્જ્ઞ સમિતિ સમક્ષ રજૂ કરવી.

કાર્યવાહી: મહિલા અને બાળ વિકાસ વિભાગ હસ્તકના ચાર સંવર્ગોની જગ્યાની કામગીરી તથા અધિક્રમ (hierarchy)ને ધ્યાને લઇ, તજ્જ્ઞ સમિતિ દ્વારા નીચે મુજબના દિવ્યાંગતાના પ્રકારને માન્ય રાખવામાં આવેલ છે.

મહિલા અને બાળ કલ્યાણ વિભાગ હસ્તકના નીચે મુજબના સંવર્ગો માટે તજ્જ્ઞ સમિતિ દ્વારા નક્કી કરવામાં આવેલ દિવ્યાંગતા

| ક્રમ | પોસ્ટનું નામ | વર્ગ | મંજૂર થયેલ જગ્યાઓ | વિભાગની દરખાસ્ત | | | | તજ્જ્ઞ સમિતિએ મંજૂર કરેલ વિકલાંગતા | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | A | B | C | D &E | A | B | C | D &E |
| ૧ | પ્રાદેશિક નાયબ નિયામક | ૧ | ૪ | LV | HH | OA, OL, OAL, Dw, | ONLY (e) which include | LV (40-70)% | HH (40-70)% | OA, OL, OAL, LC, CP, Dw, AAV | ASD(M, MoD), SLD, MI(40-70)%, MD(40-70)% |

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | મહિલા અને બાળ અધિકારી | ૧ | ૩૬ | | | AAV | (a),(b) & (c) | LV (40-70)% | HH (40-70)% | OA, OL, OAL, LC, CP, Dw, AAV | ASD(M, MoD), SLD, MI(40-70)%, MD(40-70)% |
| 3 | દહેજ પ્રતિબંધક સહ રક્ષણ અધિકારી | ૨ | ૪૪ | | | | | LV (40-70)% | HH (40-70)% | OA, OL, OAL, LC, CP, Dw, AAV | ASD(M, MoD), SLD, MI(40-70)%, MD(40-70)% |
| ૪ | ફીલ્ડ ઓફીસર | ૩ | ૮૧ | | | | | LV (40-70)% | HH (40-70)% | OA, OL, OAL, LC, CP, Dw, AAV | ASD(M, MoD), SLD, MI(40-70)%, MD(40-70)% |

૬. <u>એજન્ડા નં. ૫</u> :- શિક્ષણ વિભાગ હસ્તકની વિદ્યાસહાયક/પ્રાથમિક શિક્ષક (વર્ગ-૩) , મુખ્ય શિક્ષક (વર્ગ-૩), કેળવણી નિરીક્ષક (વર્ગ-૨), તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી (વર્ગ-૨) સંવર્ગોમાં ભારત સરકારના તા.૦૪/૦૧/૨૦૨૧ના જાહેરનામામાં સમાન પ્રકારના સંવર્ગ માટે નિયત કરેલ દિવ્યાંગતાના પ્રકાર પૈકી અમુક દિવ્યાંગતાના પ્રકારને મુક્તિ આપવાની દરખાસ્ત પર તજજ્ઞ સમિતિની મંજૂરી મેળવવી.

<u>કાર્યવાહી</u>:- શિક્ષણ વિભાગ હસ્તકના ચાર સંવર્ગોની કામગીરી, ભરતી પ્રક્રિયા તથા મંજૂર થયેલ જગ્યાઓની વિગતો તજજ્ઞ સમિતિ સમક્ષ રજૂ કરવામાં આવેલ તથા ભારત સરકારના તા.૦૪/૦૧/૨૦૨૧ના નોટિફિકેશનમાં સમાન પ્રકાર સંવર્ગો માટે નિયત કરેલ દિવ્યાંગતાના પ્રકાર પૈકી અમુક દિવ્યાંગતામાંથી મુક્તિ આપવા અંગેના કારણો શિક્ષણ વિભાગના અધિકારીશ્રીઓ દ્વારા તજજ્ઞ સમિતિ સમક્ષ રજૂ કરવામાં આવેલ. તજજ્ઞ સમિતિ દ્વારા શિક્ષણ વિભાગની દરખાસ્ત પરત્વે તજજ્ઞ તબીબશ્રીના અભિપ્રાયના આધારે તેમજ વિસ્તૃત ચર્ચાને અંતે શિક્ષણ વિભાગની અમુક દિવ્યાંગતામાંથી મુક્તિ આપવાની દરખાસ્તને મંજૂરી આપી નીચે મુજબના દિવ્યાંગતાના પ્રકારને માન્ય રાખવામાં આવેલ છે.

શિક્ષણ વિભાગ હસ્તકના નીચે મુજબના સંવર્ગો માટે તજજ્ઞ સમિતિ દ્વારા નક્કી કરવામાં આવેલ દિવ્યાંગતા

| ક્રમ | પોસ્ટનું નામ | વર્ગ | મંજૂર થયેલ જગ્યાઓ | વિભાગની દરખાસ્ત | | | | તજજ્ઞ સમિતિએ મંજૂર કરેલ વિકલાંગતા | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | A | B | C | D &E | A | B | C | D &E |
| ૧ | વિદ્યાસહાયક/ પ્રાથમિક શિક્ષક | 3 | ૧,૯૧,૮૬૯ | B, LV | - | OA,OL,BL, OAL,CP,LC, Dw,AAV | - | B, LV | HH (40-70)% | OA, OL,BL, OAL, LC, CP, Dw, AAV | MI (40-70)%, MD (40-70)% |
| ૨ | મુખ્ય શિક્ષક | 3 | ૮,૦૧૮ | B, LV | - | OA,OL,BL, OAL,CP,LC, Dw,AAV | - | B, LV | HH (40-70)% | OA, OL,BL, OAL, LC, CP, Dw, AAV | MI (40-70)%, MD (40-70)% |
| 3 | કેળવણી નિરીક્ષક | ૨ | ૫૭૮ | B, LV | - | OA,OL,BL, OAL,CP,LC, Dw,AAV | - | B, LV | HH (40-70)% | OA, OL,BL, OAL, LC, CP, Dw, AAV | MI (40-70)%, MD (40-70)%, SLD |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી | ૨ | ૨૨૫ | B, LV | - | OA,OL,BL, OAL,CP,LC, Dw,AAV | - | B, LV | HH (40-70)% | OA, OL,BL, OAL, LC, CP, Dw, AAV | MI (40-70)%, MD (40-70)%, SLD |

૭. <u>Code and functional classification</u>:- Blind (**B**), Low vision (**LV**) **(40-70)%**, Deaf (**D**), [Hard of hearing(**HH**) (**40-70)%**], [Locomotor disability (**LD**) :- **OA**(one arm), **OL**(one leg), **BA**(both arm), **BH**(both hands), **OAL**(one arm one leg) , **BLA**(both legs and arms) , **BLOA**( both legs one arm), **OABL**(one arm both legs), **BAOL**(both arms one leg), **BABL**(both arms both leg), **OAOL**(one arm one leg) ], Cerebral palsy (**CP**), Leprosy cured (**LC**), Dwarfism (**Dw**), Acid attack victim(**AAV**), Muscular dystrophy (**MDy**), Intellectual disability(**ID**), Specific learning disability (**SLD**), Mental illness (**MI**),
[Autism Spectrum Disorder (**ASD**) M-Mild, MoD-Moderate],
[Multiple Disabilities (**MD**) :- Disabilities included in group (**A**) to (**D**) )(40-70)%].

૬. અન્ય કોઇ મુદ્દા પરત્વે ચર્ચા બાકી ન હોઇ, હાજર સૌનો આભાર માની નાયબ સચિવશ્રી(સ.સુ.)એ બેઠક સમાપ્ત કરી.

(જી.પી.પટેલ)
નાયબ સચિવ અને સભ્ય સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

(ડૉ. અજય ચૌહાણ)
S.P.O.M.H.
કમિશનરશ્રી, આરોગ્ય, તબીબી સેવાઓ
અને તબીબી શિક્ષણની કચેરી વતી.

(પ્રકાશ સોલંકી)
નિયામક
સમાજ સુરક્ષા ખાતું

(તેજસ સોની)
નાયબ સચિવ (ક.ગ.)
સામાન્ય વહીવટ વિભાગ

(વી.જે.રાજપુત)
કમિશનર,
કમિશનરશ્રી, દિવ્યાંગ વ્યક્તિ માટેનાની કચેરી

(સુનયના તોમર)
અધિક મુખ્ય સચિવશ્રી અને અધ્યક્ષ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

## એનેક્ષચર-૧

તજજ્ઞ સમિતિની તા.૨૩/૧૨/૨૦૨૧ના રોજ ૧૨:૦૦ કલાકે મળેલ બેઠકમાં સમિતિના હાજર રહેલ સભ્યશ્રીઓની યાદી.

1. અધિક મુખ્ય સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.
2. કમિશનરશ્રી, દિવ્યાંગ વ્યક્તિઓ માટેના.
3. નિયામકશ્રી, સમાજ સુરક્ષા
4. નાયબ સચિવશ્રી (સમાજ સુરક્ષા), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.
5. નાયબ સચિવશ્રી (ક.ગ.), સામાન્ય વહીવટ વિભાગ.
6. કમિશનરશ્રી, આરોગ્ય અને તબીબી સેવાઓ વતી ડૉ. અજય ચૌહાણ

બેઠકમાં સામાન્ય વહીવટ વિભાગ, માર્ગ અને મકાન વિભાગ, મહિલા અને બાળ વિકાસ વિભાગ, નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ અને શિક્ષણ વિભાગ (પ્રાથમિક)ના સંબધિત અધિકારીઓ તથા સંબધિત કર્મચારીઓ ઉપસ્થિત રહેલ હતાં.